જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર
પ્રેરિત
# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા





# FLN
## રિસોર્સ રૂમ



# રમકડાં
# પોથી





### પ્રેરક
શ્રી ડી.એસ.પટેલ
નિયામક
જી.સી.ઈ.આર.ટી. , ગાંધીનગર



### માર્ગ દર્શક
ડૉ. ગૌરાંગ સી.વ્યાસ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા

### પ્રયોજક
ડૉ. એસ.સી.રબારી
ડી.આર.યુ શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા


વી. ડી.અઢીયોલ
સી.એમ.ડી.ઈ શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિનું નામ | કૃતિકાર | પેજ નંબર |
|---|---|---|---|
| 1 | **Concentration toy** | ઉર્વશીબેન વિનોદકુમાર મોદી | 2 |
| 2 | હેન્ડ પપેટ, કઠપૂતળી | લીનાબેન જયંતીલાલ પરમાર | 3 |
| 3 | ટકટકિયું રમકડું (બાલવાટિકા)ફટકડી,સાપસીડી, સંખ્યા જ્ઞાન, સંખ્યા અને સ્થાન કિંમત, મૂળાક્ષર ઓળખ. | ચૌધરી પલ્કાબેન જીવરામભાઈ | 5 |
| 4 | **INTERACTIVE GAME & PUZZLE** દ્વારા શિક્ષણ. | ગુર્જર હેમંતકુમાર સી. તથા ટીમ | 7 |
| 5 | **Puzzle** –રમત દ્વારા શિક્ષણ | પ્રજાપતિ મેહુલકુમાર મોહનભાઇ | 10 |
| 6 | સંગીતના સાધનો ( ઘૂઘરા અને ડ્રમ ) | પટેલ ગીતાબેન નટવરભાઈ / પ્રજાપતિ ધર્મિષ્ઠાબેન રમેશભાઈ | 12 |
| 7 | પેપર ટોય | ભાવનાબેન ભાનુપ્રસાદ જોષી | 13 |
| 8 | માટીમાંથી રમકડાં | દંતાણી ગફૂલભાઇ વિઠ્ઠલભાઈ | 14 |
| 9 | પોપ પોપ ગેમ | ઉર્વશીબેન વિનોદકુમાર મોદી | 16 |
| 10 | મેગ્નેટિક પેરોટ | ગજ્જર મહેન્દ્રકુમાર બબલદાસ | 17 |
| 11 | ડોલતી ઢીંગલી | પ્રજાપતિ મહેશકુમાર ચતુરભાઈ તથા ટીમ | 18 |
| 12 | કાગળનો ઘોડો તથા લાકડાનો ખાટલો | ભીખાભાઈ મોહનભાઈ પ્રજાપતિ | 20 |
| 13 | સરવાળા બાદબાકી પેટી | ડૉ. મુકેશ પરીખ | 21 |
| 14 | રમતો અને જાદુ | પટેલ દિલિપકુમાર પુંજારામ | 22 |
| 15 | **CRANKY ANIMALS** | સુથાર નયનાબેન અમૃતલાલ | 23 |

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન: **Concentration toy**

- લાગુ પડતું ધોરણ: બાલવાટિકા
- નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત વર્ણન કેવી રીતે નિર્માણ કરેલ છે તેની વિગત: આ રમકડું બનાવવા માટે નકામા જાડા એવા મજબૂત બોક્ષનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની અંદર અને બહારની બાજુએ કલર ફૂલ કાર્ડ પેપર ચોંટાડીને તેના પર ટેડીબેરનું ચિત્ર દોરવામાં આવ્યું છે. ટેડીબેરના ચિત્રની વચ્ચે એક છિદ્ર પાડવામાં આવ્યું. તે છિદ્રની બહારની બાજુએ પ્લાસ્ટિકની બોટલની ઢાંકણા સાથેની કેપ કાપીને લગાવવામાં આવી છે. બોક્સની અંદર ચણોઠી નાખીને તેને બહારની બાજુએ લગાવેલી બોટલની કેપની અંદર લાવવાની હોય છે.
- નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી : નકામુ બોક્સ, કાર્ડ પેપર, પ્લાસ્ટિકની બોટલ, કાતર, ફેવિકોલ, ચણોઠી અને સ્કેચપેન.
- નિર્માણ કરેલ કૃતિમાં થયેલ અંદાજિત ખર્ચ રૂપિયા : 50
- નિર્માણ કરેલ કૃતિ નો ફોટોગ્રાફ ચિત્ર કે આકૃતિ:




- કૃતિ નિર્માણ કરતા નું નામ : ઉર્વશીબેન વિનોદકુમાર મોદી
- શાળા: મોદીપુર પ્રાથમિક શાળા
- સી.આર.સી: જોટાણા કુમાર
- તાલુકો: જોટાણા
- સંપર્ક નંબર: 9712872812
- ઇમેલ એડ્રેસ: urvashimodi190@gmail.com

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ:- હેન્ડ પપેટ, કઠપૂતળી

- **અનુબંધિત વિષય:-** ભાષા,પર્યાવરણ
- **લાગુ પડતું ધોરણ:-** બાળવાટિકા , ધોરણ 1/2
- **નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત:-** જૂની કંકોત્રી,માંથી કટિંગ કરી વિવિધ પશુ પંખીના પપેટ બનાવવા તેમજ જૂના મોજા, ઊનનો ઉપયોગ કરી ગ્લોવ્ઝ પપેટ બનાવવું,જૂના કપડાના ટુકડા, રૂ,મોજા માંથી કલોથ પપેટ બનાવવું

  •જુદાં જુદાં પશુ પંખીના હેન્ડ પપેટ બનાવવા

  •પગના મોજા માંથી વાર્તા માટે પપેટ બનાવવું.

  •કાપડમાંથી કલોથ પપેટ બનાવવું

- શાળા કક્ષાએ આપના દ્વારા આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેકટ સ્વરૂપે અમલીકૃત કરવામાં આવે છે?
  - હા
- આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેકટ સ્વરૂપે અમલીકરણની ટૂંકી વિગત:-

આ પ્રોજેકટ બાલવાટિકા પ્રજ્ઞાવર્ગના બાળકોને સમૂહકાર્ય: ૧ વાર્તા,અભિનય ગીત ,જોડકણાં ગાન તેમજ પશુ,પંખીની ઓળખ તેમનો પરિચય આપવા, વર્ગીકરણ પ્રવૃત્તિ કરાવવા  શાળા માં બાળકો રમતા રમતાં શીખવા  ઉપયગી છે.

- નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ સાધન-સામગ્રી:-

  પગના મોજા,જૂના કાપડના ટુકડા, રૂ, ઉન, જૂની કંકોત્રી કાર્ડ,કલર,ફેવિકોલ.

- નિર્માણ કરેલ કૃતિમાં થયેલ અંદાજિત ખર્ચ:- 50/- રૂપિયા
- નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ:-





- **કૃતિ કર્તાનું નામ-** લીનાબેન જયંતીલાલ પરમાર
- **શાળાનું નામ-** માંકણજ પ્રાથમિક શાળા,

  તા: જોટાણા
- **સી.આર.સી.-** જોટાણા કુમાર
- **સંપર્ક નંબર-** 9427531137



**નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ- ટકટકિયું રમકડું (બાલવાટિકા)ફટકડી,સાપસીડી, સંખ્યા જ્ઞાન, સંખ્યા અને સ્થાન કિંમત, મૂળાક્ષર ઓળખ.**

- **અનુબંધિત વિષય-** ભાષા,પર્યાવરણ,ગણિત
- **લાગુ પડતું ધોરણ-** બાળવાટિકા , ધોરણ 1/2/3
- **નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત-** જૂના પૂંઠા , જૂની બોટલને કટિંગ કરીને સાપસીડી બનાવવી, માચીસના ખાલી ખોખામાંથી ટકટકીયાનું રમકડું બનાવવું, જૂની બોટલમાંથી ફટકડી બનાવવી.
- **શાળા કક્ષાએ આપના દ્વારા આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકૃત કરવામાં આવે છે?**

    - હા

- **આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકરણની ટૂંકી વિગત-**

આ પ્રોજેક્ટ બાલવાટિકા પ્રજ્ઞાવર્ગના બાળકો રમકડાંથી રમે છે તેમજ સંખ્યાજ્ઞાન મૂળાક્ષર રમત રમી શકે છે.

- **શાળા કક્ષાએ અમલીકરણ બાદ મળેલ પરિણામ:-**

    - બાળકોની જિજ્ઞાસાવૃત્તિ વધે.
    - વિચારશક્તિ, કલ્પનાશક્તિ વિકશે
    - બાળકોને મનોરંજન સાથે ભણવામાં રસરુચિ વધી.

- **નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ સાધન-સામગ્રી-**

જૂના પૂંઠા, માચીસના, ખાલી ખોખા, સ્પંચ, ચાર્ટ પેપર, કલર, સેલોટેપ

- **નિર્માણ કરેલ કૃતિમાં થયેલ અંદાજિત ખર્ચ-** 40/-.
- **નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ:-**









- 
- **કૃતિ કર્તાનું નામ-** ચૌધરી પલ્કા બેન જીવરામભાઈ
- **શાળાનું નામ-** સી.આર. સી. સૂરજ

  તા: જોટાણા

- **સી.આર.સી.-** સૂરજ
- **સંપર્ક નંબર-** 9998270736

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન :-

## INTERACTIVE GAME & PUZZLE દ્વારા શિક્ષણ.

- અનુબંધિત વિષય :- ભાષા
- લાગુ પડતું ધોરણ :- બાળવાટિકા થી ધોરણ 3
- નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત / વર્ણન (કેવી રીતે નિર્માણ કરેલ છે તેની વિગત ) :-

  - **Interactive game** નિર્માણ કરવા માટે વિવિધ ડિજિટલ માધ્યમનો ઉપયોગ થઈ શકે છે.
  - **WORDWALL.NET** તથા **genial** વેબ પોર્ટલ દ્વારા વિવિધ થીમ આધારિત વિવિધ ગેમનું નિર્માણ કરેલ છે.
  - આ ઇન્ટરએક્ટિવ ગેમ **wordwall.net** પરના વિવિધ **TEMPELATE** નો ઉપયોગ કરી બનાવેલ છે. જેમ કે **MATCH UP , QUIZ , MISSING WORD , GROUP SORT , UNJUMBLE , RANK ORDER** વગેરે.
  - અહી બાલવાટિકાથી ધોરણ 3 સુધીના બાળકો ઇન્ટરએક્ટિવ ગેમ બનાવેલ છે. વિવિધ ટેમ્પ્લેટના ઉપયોગ કરી કુલ 15 જેટલી ગેમનું નિર્માણ કરેલ છે.
  - બાળકોના માનસિક કૌશલ્યના વિકાસ માટે વિવિધ પઝલનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં વિવિધ પ્રાણી , પક્ષી , શાકભાજી , ફળ , ભૌમિતિક આકારો જેવા ચિત્રોનો ઉપયોગ કરે છે.
  - પઝલ બનાવવામાં માટે **JIGSAW** વેબ સાઇટના ઉપયોગ કરવામાં આવેલ છે.

- શાળા કક્ષાએ આપના દ્વારા આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકૃત કરવામાં આવે છે?

- હા.

- આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકરણની ટૂંકી વિગત :-

આ પ્રોજેક્ટ કાર્યથી બાળકો રમતાં રમતાં વિવિધ મૂળાક્ષરો, શબ્દોનું વાંચન કરી શકે છે. બાળકોમાં ભાષાના પ્રત્યે અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ થાય છે. વિવિધ પઝલ દ્વારા બાળકોમાં માનસિક કૌશલ્યોનો વિકાસ થાય છે.

- શાળા કક્ષાએ અમલીકરણ બાદ મળેલ પરિણામ :-

- બાળકોમાં માનસિક કૌશલ્યનો વિકાસ થયો.
- બાળકોમાં વાંચન અને લેખન કૌશલ્યનો વિકાસ થયો.

- બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ તથા વૈચારિક શક્તિનો વિકાસ થયો.

➢ નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી :- **DIGITAL** પ્લેટફોર્મ જેવા કે **WORDWALL.NET** અને **JIGSAW**

➢ નિર્માણ કરેલ કૃતિમાં અંદાજિત થયેલ ખર્ચ રૂપિયા :- **internet** વપરાશ મુજબ

➢ કૃતિ નિર્માણકર્તાનું નામ :-

- ગુર્જર હેમંતકુમાર સી. , પાલાવાસણા અનુપમ પ્રા. શાળા તા. જિ. મહેસાણા
- ડૉ. મિહિરભાઈ સોલંકી , મહેસાણા પ્રાથમિક શાળા નંબર 3 તા. જિ. મહેસાણા
- સુનિલકુમાર ચૌધરી , હરસુંડલ પ્રાથમિક શાળા , તા. જોટાણા , મહેસાણા
- રવિભાઈ પટેલ , સી. આર. સી. કો. જોટાણા કુમાર

**INERACTIVE GAME & PUZZLE**

1) **GAME** : મૂળાક્ષરોને ચિત્ર સાથે જોડો.

4) મૂળાક્ષરોને ચિત્ર સાથે જોડો.

2) **GAME** :- શબ્દોને ચિત્ર સાથે જોડો.

5) મૂળાક્ષરોથી શરૂ થતાં શબ્દો જોડો.

3) **GAME** :- ચિત્ર પરથી પ્રશ્નોના મૌખિક જવાબ આપો.

6) શબ્દ અને વાક્યોને વાંચન

7) આપેલ વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.

8) આપેલ ચિત્રને ઓળખો

9) સાચો જવાબ શોધો

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન :- **Puzzle –રમત દ્વારા શિક્ષણ**

- **અનુબંધિત વિષય** :- ભાષા,પર્યાવરણ (Digital Toys)
- **લાગુ પડતું ધોરણ** :- Foundational Level (3-8 years or ECCE 3-6 years & Class I and II)
- **નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત / વર્ણન (કેવી રીતે નિર્માણ કરેલ છે તેની વિગત ):-** Digital Toys નિર્માણ અંતર્ગત બાળવાટિકા અને ધોરણ-1 તથા 2 ના વિદ્યાર્થીઓ આસપાસના પર્યાવરણના પક્ષીઓ,પ્રાણીઓ,શાકભાજી ફળો તથા અધ્યયન નિષ્પત્તિ મુજબના અન્ય ચિત્રો મોબાઇલ,ટેબલેટ કે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળાઓને મળેલ સ્માર્ટ પેનલની મદદથી પઝલ સ્વરૂપે રમતાં રમતાં બનતા ચિત્રને ઓળખે છે. અને તેના વિશે શિક્ષક દ્વારા વિશેષ પરિચય મેળવે છે.
- **શાળા કક્ષાએ આપના દ્વારા આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકૃત કરવામાં આવે છે?**

- હા.


- **આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકરણની ટૂંકી વિગત :-**

આ પ્રોજેક્ટ કાર્યથી બાળકો પશુઓ ,પ્રાણીઓ ,પક્ષીઓ,ફળ,શાકભાજી તથા અન્ય એકમ અનુરૂપ ચિત્રોની જાણકારી મેળવી તેમનું વર્ણન કરી શકે છે તથા તેમના રહેઠાણો તેમજ તેની અન્ય ઉપયોગિતા વિશે જાણી પ્રકૃતિથી માહિતગાર થાય છે.

- **શાળા કક્ષાએ અમલીકરણ બાદ મળેલ પરિણામ :-**

- બાળકોમાં સર્જનાત્મક કૌશલ્યનો વિકાસ થયો.
- બાળકો પ્રાણીઓ, પક્ષીઓ, ફળ, શાકભાજી તથા અન્ય એકમ અનુરૂપ ચિત્રોથી માહિતગાર થયા.
- બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ તથા વૈચારિક શક્તિનો વિકાસ થયો.

- **નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી :-** ઓનલાઇન વેબસાઇટના માધ્યમથી
- **નિર્માણ કરેલ કૃતિમાં અંદાજિત થયેલ ખર્ચ રૂપિયા :-** કોઇજ ખર્ચ નહિ
- **નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ / ચિત્ર કે આકૃતિ:-**





બાળકો મોબાઇલ,ટેબલેટની મદદથી  પઝલની ગોઠવણી કરી રમતાં રમતાં  હાથીનું

- કૃતિ નિર્માણકર્તાનું નામ :- પ્રજાપતિ મેહુલકુમાર મોહનભાઇ
- શાળા :- ગોવિંદપુરા અનુપમ પ્રાથમિક શાળા
- સી.આર.સી :- વિજાપુર -૨
- તાલુકો :- વિજાપુર
- સંપર્ક નંબર :- 9428224326
- ઇમેલ એડ્રેસ :- mehuloza.jc19@gmail.com

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન :- સંગીતના સાધનો ( ઘૂઘરા અને ડ્રમ )

- અનુબંધિત વિષય:- ગુજરાતી / ગણિત / પર્યાવરણ
- લાગુ પડતું ધોરણ :- 1 થી 3
- નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત / વર્ણન (કેવી રીતે નિર્માણ કરેલ છે તેની વિગત ):- સૌ પ્રથમ એક રીંગ પર કાણું પડી તેમાં સળી લગાવવી. ત્યારબાદ દોરીના બંને છેડા પર મોતી બાંધી રીંગની બંને બાજુ છેડા લટકતા રહે તે રીતે દોરી ચોટાડી દેવી. રિંગની બંને બાજુ કાગળથી પેક કરી દેવી. થઇ ગયો આપણો ઘૂઘરો તૈયાર.

સૌ પ્રથમ પ્લાસ્ટિકના ડબ્બા પર ફુગ્ગો લગાવી ખુલ્લી બાજુ પેક કરવી. ફુગ્ગો એકદમ ખેંચીને લગાવવો. લાકડાની બે સ્ટીક લઇ બંને સ્ટીક પર ફુગ્ગાની અંદર ટીસ્યુ પેપર મૂકી દોરીની મદદથી બાંધી દેવું. થઇ ગયું ડ્રમ તૈયાર.

- નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી :- રિંગ, દોરી, સળી, કાતર, ફેવિકોલ, મોતી, રંગીન સેલોટેપ / પ્લાસ્ટિકનો ડબ્બો, ફુગ્ગો,સ્ટીક,ટીસ્યુ પેપર, રંગીન સેલોટેપ
- નિર્માણ કરેલ કૃતિમાં અંદાજિત થયેલ ખર્ચ રૂપિયા:- ઘૂઘરો – ૧૦ રૂપિયા / ડ્રમ – ૫ રૂપિયા
- નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ / ચિત્ર કે આકૃતિ:



- કૃતિ નિર્માણકર્તાનુંનામ :- પટેલ ગીતાબેન નટવરભાઈ / પ્રજાપતિ ધર્મિષ્ઠાબેન રમેશભાઈ ( બી.આર.પી. કૉ.ઓર્ડીનેટર કડી )
- શાળા:- બી.આર.સી. ભવન કડી
- સી.આર.સી :- બી.આર.સી. ભવન કડી
- તાલુકો:- કડી
- સંપર્ક નંબર:- 9512009706 /9512009707
- ઇમેલ એડ્રેસ:- brppg.msn.kadi@gmail.com/dhami51186@gmail.com

# કૃતિનુ નામ:- પેપર ટોય

- અનુબંધિત વિષય :- ભાષા અને પર્યાવરણ
- લાગુ પડતા ધોરણ:- બાલવાટિકા
- કૃતિની ટૂંકી વિગત :- A4 સાઈઝના કાગળ માથી અનેક પેપર ટોય બનાવી શકાય છે. આ પેપર રમકડાથી આપને બાળકો ને રસ પડે એવા પ્રાણીઓ, પક્ષીઓ બનાવી બાળકોને રમતા રમતા પણ ઘણુ બધુ શીખી શકે છે.
- શાળા કક્ષાએ આપના દ્વાર આ કૃતિનો પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકૃત કરવામા આવે છે? :- હા
- શાળા કક્ષાએ અમલીકૃત પ્રોજેક્ટ ની ટુંકી વિગત :- આ પેપર ટોયની મદદથી શાળા કક્ષાએ વિધાર્થિયોને કાગળ કામની સમજ મળે છે.વિદ્યાર્થીઓ સરળતાથી કાગળ અને તેના પેપર ટોયથી આનંદમયી શિક્ષણ મેળવી શકે છે.
- શાળા કક્ષાએ પ્રોજેક્ટ અમલીકરણ બાદ મળેલ પરિણામ:-

  •વિદ્યાર્થીઓની સર્જનાત્કતા નો વિકાસ થાય

  •વિદ્યાર્થીઓ કાગળ કામ શિખે

  •રમતાં રમતાં આનંદમયી શિક્ષણ મળે છે

- નિર્માણ કરાયેલ કૃતિમા વાપરાયેલ સાધન સામગ્રી:- રંગીન કાગળ, સ્કેચપેન, ફેવીકોલ,
- નિર્માણ કરેલ કૃતિ માટે થયેલ અંદાજીત ખર્ચ:- 50 રૂ.
- કૃતિનો ફોટો:-



- કૃતિના કર્તા નુ નામ:- ભાવનાબેન ભાનુપ્રસાદ જોષી
- શાળાનુ નામ:- નંદાસણ પ્રાથમિક કન્યા શાળા, તા.-કડી
- સી.આર.સી..:- નવાપુરા
- સંપર્ક નંબર:-9328649677

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ:- માટીમાંથી રમકડાં

- **અનુબંધિત વિષય:-** ભાષા,પર્યાવરણ
- **લાગુ પડતું ધોરણ:-** બાળવાટિકા
- **લાગુ પડતી અધ્યન નિષ્પતિઓ:-** પર્યાવરણ વિશે જાણે
- **નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત:-** પોતાના આસપાસના પર્યાવરણમાથી મળી આવતી માટી એકઠી કરવી અને તેનો ઉપયોગ જુદી જુદી પ્રતિકૃતિઓ તૈયાર કરવા માટે કરવો.

- વિવિધ શક્ભાજી ના નમૂના
- વિવિધ ફળોના નમૂના
- વિવિધ પ્રાણીઓના નમૂના
- વિવિધ પક્ષીઓના નમૂના
- વિવિધ દેશનેતાઓના નમૂના
- વિવિધ ઓજારોના નમૂના

- **શાળા કક્ષાએ આપના દ્વારા આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકૃત કરવામાં આવે છે?**
  - હા

- **આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકરણની ટૂંકી વિગત-**

આ પ્રોજેક્ટ શાળા માં બાળકો પાસેથી તેમના આસપાસ ના પર્યાવરણમાથી માટી એકઠી કરીને કરી શકાય છે. બાળકો માટીના પ્રકાર વિશે જાણી શકે છે.

- **શાળા કક્ષાએ અમલીકરણ બાદ મળેલ પરિણામ:-**
- બાળકોમાં સર્જનાત્મક શક્તિ વધી.
- બાળકો પ્રતિકૃતિઓથી વસ્તુ ઓળખતા થયા
- બાળકોમાં રસ રુચિ વધી
- **નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ સાધન-સામગ્રી-**

માટી,પાણી,વોટર કલર,સોયો,સ્કલ્પચરિંગ ટૂલ્સ

- **નિર્માણ કરેલ કૃતિમાં થયેલ અંદાજિત ખર્ચ-** 20 રૂપિયા

- નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ-







- **કૃતિ કર્તાનું નામ-** દંતાણી ગફૂલભાઇ વિઠ્ઠલભાઈ
- **શાળાનું નામ-** ખટાસણા પ્રાથમિક શાળા,વડનગર
- **સી.આર.સી.-** સિપોર કુમાર શાળાનં -૧-સિપોર
- **સંપર્ક નંબર-** ૬૩૫૫૧૦૭૨૫૫

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન: પોપ પોપ ગેમ

- લાગુ પડતું ધોરણ: બાલવાટિકા, ધોરણ 1 અને 2
- નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત વર્ણન કેવી રીતે નિર્માણ કરેલ છે તેની વિગત: આ રમકડું બનાવવા માટે મજબૂત હાર્ડબોર્ડ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. હાર્ડબોર્ડ પર દડીની સાઈઝના ગોળ કટીંગ કરાવવામાં આવ્યા છે. તેના પર દડી મૂકીને દડી ને દબાવીને નીચે પાડવામાં આવે છે. બાળકોને દડી દબાવીને પાડવાની અને તેનો અવાજ આવે તેની બાળકોને મજા આવે છે.
- નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી : હાર્ડ બોર્ડ, દડી, કલરફુલ ટેપ ,ફેવિકોલ
- નિર્માણ કરેલ કૃતિમાં થયેલ અંદાજિત ખર્ચ રૂપિયા : 550 /- રૂપિયા
- કૃતિ નિર્માણ કરતા નું નામ : ઉર્વશીબેન વિનોદકુમાર મોદી
- શાળા:- મોદીપુર પ્રાથમિક શાળા
- સી.આર.સી: જોટાણા કુમાર
- તાલુકો: જોટાણા
- સંપર્ક નંબર: 9712872812
- ઇમેલ એડ્રેસ: urvashimodi190@gmail.com
- નિર્માણ કરેલ કૃતિ નો ફોટોગ્રાફ ચિત્ર કે આકૃતિ:-
- 



## નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન :- મેગ્નેટિક પેરોટ

- **અનુબંધિત વિષય :-** ભાષા, ગણિત, પર્યાવરણ
- **લાગુ પડતું ધોરણ :-** 1 થી 5
- **નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત /વર્ણન:-** 8 mm ઉપર પોપટનું ચિત્ર ડ્રોઈંગ કરી જીગશો મશીન ઉપર કટિંગ કર્યું. ચાંચના ભાગમાં બટન મેગ્નેટ લગાવ્યું. માથા અને પૂંછડીના ભાગને હલનચલન કરી શકે તેવી રીતે સેટિંગ કર્યું. પોપટ પર રંગ કરી આકર્ષક બનાવ્યો.5*5cm માપના પતરાનાં પીસ પર અંક,ગુજરાતી મૂળાક્ષર અને અંગ્રેજી આલ્ફાબેટ લખ્યા.માથાના ભાગે અને પૂંછડીના ભાગે દોરી ફીટ કરેલી હોવાથી દોરીને ખેંચવાથી મૂવમેન્ટ કરે છે. ચાંચના ભાગ નીચે પતરાના ટુકડા મૂકવાથી પોપટ ચાંચથી ટુકડાને અડકે છે તેથી મેગ્નેટ સાથે પતરું જોઈન્ટ થવાથી તે મૂળાક્ષર ઉપર આવે છે. થઈ ગયો મેગ્નેટિક પેરેટ તૈયાર.
- **શાળા કક્ષાએ આપના દ્વારા આ કૃતિનો પ્રયોગ કાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકૃત કરવામાં આવે છે?:-**હા.
- **આ કૃતિનો પ્રયોગ કાર્ય કે પ્રોજેક્ટ સ્વરૂપે અમલીકરણની ટૂંકી વિગત :-** આ મેગ્નેટિક પેરોટ દ્વારા બાળકોને અંકજ્ઞાન, ગુજરાતી મૂળાક્ષર અને અંગ્રેજી આલ્ફાબેટની રમતા- રમતા સમજ આપવામાં આવી.
- **શાળા કક્ષાએ અમલીકરણ બાદ મળેલ પરિણામ :-** બાળકો રમતા- રમતા અંકજ્ઞાન, મૂળાક્ષર અને આલ્ફાબેટ શીખતા થયા.
- **નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી :-** 8 mm mdf, બટન મેગ્નેટ, બોલ્ટ, ચાકી, પતરાના 5*5cm નાં ટુકડા, ફેવિકોલ, કલર
- **નિર્માણ કરી કૃતિમાં અંદાજિત થયેલ ખર્ચ રૂપિયા :-** 350/-₹
- **નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ ચિત્ર કે આકૃતિ :-**



- **કૃતિ નિર્માણ કર્તાનું નામ :-** ગજ્જર મહેન્દ્રકુમાર બબલદાસ


નિવૃત શિક્ષક

તા.જિ.:- મહેસાણા

સંપર્ક નંબર :- 7096988965

ઈ મેલ એડ્રેસ :- mbgajjar01@gmail.com

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન :- ડોલતી ઢીંગલી

- અનુબંધિત વિષય :- પર્યાવરણ
- લાગુ પડતું ધોરણ :- બાળવાટિકા થી ધોરણ 3
- લાગુ પડતી અધ્યયન નિષ્પતિઓ :- પર્યાવરણ વિશે જાણે છે.
- નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત / વર્ણન (કેવી રીતે નિર્માણ કરેલ છે તેની વિગત ) :-
    - સૌ પ્રથમ જીરો બલ્બના ઊડી ગયેલા બલ્બ લેવા.
    - ત્યારબાદ તેમાંથી વધારાનો ભાગ દૂર કરો.
    - ત્યાર પછી બલ્બમાં રેતી અને ફેવીકોલનું મિશ્રણ એવી રીતે ભરવું કે જેથી બલ્બ સમતલ રીતે સ્થાપતિ થઈ શકે.
    - ત્યારબાદ લાકડાની સળી ,રંગીન કાગળ કટિંગ તથા જરી કામ દ્વારા તેને શણગારવું.
    - ત્યારબાદ તેમાં વિવિધ ફૂલો , ફળો, વનસ્પતિના નામ લખવા.
    - આ રીતે ડોલતી ઢીંગલી દ્વારા પર્યાવરણ વિશેની સમજ આપી શકાય.
- શાળા કક્ષાએ આપના દ્વારા આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેકટ સ્વરૂપે અમલીકૃત કરવામાં આવે છે?

  હા.

- આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેકટ સ્વરૂપે અમલીકરણની ટૂંકી વિગત :-

આ પ્રોજેક્ટ કાર્યથી અમલીકૃત કરતાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવી શકાય છે તથા બાળકોને પર્યાવરણ સાથે જોડી શકાય છે.

- શાળા કક્ષાએ અમલીકરણ બાદ મળેલ પરિણામ :-

- બાળકોમાં માનસિક કૌશલ્યનો વિકાસ થયો.
- બાળકો પર્યાવરણનું જતન કરતાં થયા છે.
- બાળકોમાં વાંચન અને લેખન કૌશલ્યનો વિકાસ થયો.
- બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ તથા વૈચારિક શક્તિનો વિકાસ થયો.

- નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી :- બલ્બ , ફેવિકોલ , રેતી , પાણી , લાકડાની સળી , હથોડી ,રંગીન કાગળ , કાતર , જરી વગેરે.
- નિર્માણ કરેલ કૃતિમાં અંદાજિત થયેલ ખર્ચ રૂપિયા :- 120/-
- નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ / ચિત્ર કે આકૃતિ :-

- કૃતિ નિર્માણકર્તાનું નામ :-

  1) પ્રજાપતિ મહેશકુમાર ચતુરભાઈ , તેલાવીપુરા પ્રા. શાળા , તા. જોટાણા, જિ.મહેસાણા
  2) જાસકીયા પુલકિતકુમાર નટવરલાલ ,સુલતાનપુરા પ્રા.શાળા ,તા.વડનગર,જિ. મહેસાણા
  3) પટેલ કમલેશકુમાર અંબાલાલ , પ્રતાપનગર પ્રા. શાળા , તા.બેચરાજી ,જિ. મહેસાણા

- સી. આર. સી. - :

1) જોટાણા પગાર કેન્દ્ર શાળા – જોટાણા
2) ઊઢાઈ પગાર કેન્દ્ર શાળા – વડનગર
3) આસજોલ પગાર કેન્દ્ર શાળા – બેચરાજી

# રમકડાનું નામ : કાગળનો ઘોડો

- સામગ્રી : પાતળા સળિયાનું સ્ટ્રક્ચર બનાવવું.જુના ૨૬ કાગળોનો માવો, મેથી અને ફેવીકોલનું મિશ્રણ.
- વિષય : પર્યાવરણ , ગુજરાતી
- લાગું પડતું ધોરણ : બાલવાટિકા , ધોરણ ૧ થી ૩
- શાળા કક્ષાએ ઉપયોગ : બાળગીતના ગાન સાથે નિદર્શન , મૂળાક્ષર ઓળખ , વાક્ય રચના અને સ્વતંત્ર લેખન માટે ઉપયોગી
- અંદાજીત ખર્ચ : ૨૦ રૂપિયા
- કૃતિ નિર્માણ : ભીખાભાઈ મોહનભાઈ પ્રજાપતિ



પ્રતાપગઢ પ્રા શાળા , તા.બેચરાજી

મો.નંબર.. ૯૯૨૫૭૧૩૭૨૪

# રમકડાનું નામ : લાકડાનો ખાટલો

- સામગ્રી : લાકડાના ટુકડા, દોરી , ખીલી , સોય , ફેવિકોલ
- વિષય : પર્યાવરણ , ગુજરાતી
- લાગું પડતું ધોરણ : બાલવાટિકા , ધોરણ ૧ થી ૩
- શાળા કક્ષાએ ઉપયોગ : બાળગીતના ગાન સાથે નિદર્શન , મૂળાક્ષર ઓળખ , વાક્ય રચના અને સ્વતંત્ર લેખન માટે ઉપયોગી , ઊંઘવું – બેસવું ક્રિયાની સમજ આપવી.
- અંદાજીત ખર્ચ :- ૧૦ રૂપિયા
- કૃતિ નિર્માણ : ભીખાભાઈ મોહનભાઈ પ્રજાપતિ

પ્રતાપગઢ પ્રા શાળા , તા.બેચરાજી

મો.નંબર.. ૯૯૨૫૭૧૩૭૨૪



# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન: સરવાળા બાદબાકી પેટી

- લાગુ પડતું ધોરણ: બાલવાટિકા, ધો 1 અને 2
- નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત: એક ખાલી બોક્ષમાં બે પેપર કપ યોગ્ય અંતરે ગોઠવી બંનેમાં નીચે છિદ્ર કરી પ્લાસ્ટિકની પાઈપ એવી રીતે નાખો કે બંને પાઈપ આગળ જતાં એક જ જગ્યાએ ટ્રેમાં ભેગી થાય. જેથી પેપર કપમાં નાખેલ મણકા એક જ પાત્રમાં ભેગા થાય. અન્ય એક પ્લાસ્ટિક બોક્ષમાં બે વિભાગ કરો અને વચ્ચે જગ્યા રાખો જેથી બંને વિભાગમાં સહેલાઈથી મણકા જઈ શકે.
- વપરાયેલ જરૂરી સાધન સામગ્રી: ખાલી બોક્ષ, બે પેપર કપ, બે પ્લાસ્ટિકની પાઈપ,મણકા,ગ્લુ, કાતર, સેલો ટેપ, ટ્રે, પ્લાસ્ટિક બોક્ષ,
- અંદાજીત ખર્ચ; 100 રૂ
- ફોટોગ્રાફ:-








- કર્તાનું નામ: ડૉ. મુકેશ પરીખ
- શાળા: સીઆરસી ભવન, રણેલા
- સી.આર.સી : રણેલા
- તાલુકો : બેચરાજી
- સંપર્ક નંબર : ૯૪૨૬૨૪૬૨૦૪
- ઈમેલ એડ્રેસ: pm400764@gmail.com

# નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન :- રમતો અને જાદુ

- લાગુ પડતું ધોરણ :- 1 થી 3
- નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત / વર્ણન :- ચાર્ટ પેપર અને ચોરસ કટિંગ કર્યા, કાચ જૂનું ખોખુ
- નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી :- ચાર્ટ પેપર
- નિર્માણ કરેલ કૃતિમાં અંદાજિત થયેલ ખર્ચ રૂપિયા:- 10 રૂપિયા
- નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ / ચિત્ર કે આકૃતિ:-
- કૃતિ નિર્માણ કર્તાનું નામ :- પટેલ દિલિપકુમાર પુંજારામ
- શાળા:- કેસિમ્પા કન્યા શાળા
- સી.આર.સી :- સુલિપુર
- તાલુકો:- વડનગર
- સંપર્ક નંબર:- 9574077933


















## નિર્માણ કરવામાં આવેલ કૃતિનું નામ નિર્દેશન :- CRANKY ANIMALS

- **અનુબંધિત વિષય** :- ભાષા,પર્યાવરણ,ગણિત
- **લાગુ પડતું ધોરણ** :- 1 થી 5
- **નિર્માણ કરેલ કૃતિની ટૂંકી વિગત / વર્ણન (કેવી રીતે નિર્માણ કરેલ છે તેની વિગત ):-**

સૌ પ્રથમ એક પૂંઠું લીધું. તેમાંથી 5 cm ત્રિજ્યાવાળું વર્તુળ દોરી કાતર વડે કાપી દીધું. ત્યારબાદ તેના કેન્દ્રની વચ્ચેથી વ્યાસ દોરી કાતર વડે કટીંગ કરી બે સરખા માપના અર્ધવર્તુળ બનાવી દીધા.બીજું એક લંબચોરસ પૂઠું લીધું. તેનું માપ 16 cm લંબાઈ અને 5 cm પહોળાઈ રાખી એ પૂંઠાનો જે ખરબચડો ભાગ હોય છે તે લીધો. ત્યારબાદ 10 cm લંબાઈ અને 5 cm પહોળાઈનો બીજો લંબચોરસ લીધો. પહેલા કાપેલા બંને અર્ધવર્તુળની વચ્ચે ખરબચડો ભાગ નીચે રહે તે રીતે ફેવિકોલની મદદથી ચોંટાડી દીધો.તેની ઉપરની બાજુએ બીજો જે લંબચોરસ બનાવ્યો હતો તે ચોટાડી દીધો.પછી બનેલ સાધનની ચારેબાજુ રંગીન કાગળ ચોંટાડી દીધો.સ્કેચપેન વડે ડ્રોઈંગ પણ કરી શકાય. તેના પર બંને બાજુથી જોઈ શકાય તેવું પ્રાણી કાગળ પર દોરી ચોંટાડી દીધું અને થઈ ગયું CRANKY ANIMALS નામનું રમકડું તૈયાર.

- **શાળા કક્ષાએ આપના દ્વારા આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેકટ સ્વરૂપે અમલીકૃત કરવામાં આવે છે?**

- હા.

- **આ કૃતિનો પ્રયોગકાર્ય કે પ્રોજેકટ સ્વરૂપે અમલીકરણની ટૂંકી વિગત :-**

**આ પ્રોજેક્ટ કાર્યથી બાળકો વર્તુળનું કેન્દ્ર તેની ત્રિજ્યા અને તેના વ્યાસ વિશે જાણી શકે છે. તેના દ્વારા તેમનામાં રહેલી સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે.પ્રાણીઓ અને પક્ષીઓ વિશે જાણકારી મેળવી તેમનું વર્ણન કરી શકે છે તથા તેમના રહેઠાણો વિશે જાણી પ્રકૃતિથી માહિતગાર થાય છે.**

- **શાળા કક્ષાએ અમલીકરણ બાદ મળેલ પરિણામ :-**

- બાળકોમાં સર્જનાત્મક કૌશલ્યનો વિકાસ થયો.
- બાળકો પ્રકૃતિથી માહિતગાર થયા.

- બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ તથા વૈચારિક શક્તિનો વિકાસ થયો.

➢ **નિર્માણ કરેલ કૃતિમાં વપરાયેલ જરૂરી સાધન સામગ્રી :-** પૂંઠું, કાતર, ફેવિકોલ, રંગીન કાગળ, સ્કેચપેન, પેન્સિલ, રબર, માપપટ્ટી

➢ **નિર્માણ કરેલ કૃતિમાં અંદાજિત થયેલ ખર્ચ રૂપિયા :-** 10/- રૂપિયા

➢ **નિર્માણ કરેલ કૃતિનો ફોટોગ્રાફ / ચિત્ર કે આકૃતિ:-**




➢ **કૃતિ નિર્માણકર્તાનું નામ :-** સુથાર નયનાબેન અમૃતલાલ

➢ **શાળા** :- ભાન્ડુપરા પ્રાથમિક શાળા

➢ **સી.આર.સી** :- ભાન્ડુ

➢ **તાલુકો** :- વિસનગર

➢ **સંપર્ક નંબર** :- 9924488564

➢ **ઇમેલ એડ્રેસ** :- suthar.nayana2204@gmail.com

- **સ્થાનીય રમતો વિડીયો QR**












DISTRICT INSTITUTE OF EDUCATION & TRAINING MEHSANA

વિચાર નિર્ઝર

D.I.E.T. MAHESANA

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા